ગાંધીનગર સમાચાર

ઘણા વેપારીઓ આજે સાતમનું મુહૂર્ત કરશે

# ગુલાબી ઠંડીમાં મોર્નિંગ વોકર્સની સંખ્યા વધી

## વોકીંગ અને જોગીંગ કરવા નીકળનારાઓ ગાંધીનગરના આહ્લાદક વાતાવરણને માણી રહ્યા છે

**@ગાંધીનગર**

● વેદવ્યાસ સંસ્કૃતિ ટ્રસ્ટ દ્વારા પ્રાચ્યવિદ્યા ગ્રંથનું વિમોચન સાંજે ૫.૩૦ કલાકે રાજભવન ખાતે રાજયપાલના હસ્તે કરવામાં આવશે.

● ડેમોક્રેટિક પીપલ્સ એસોસિએશન ગાંધીનગરના સ્નેહમિલન કાર્યક્રમનું આયોજન બપોરે ૩ કલાકે સે-૧૨ આંબેડકર હોલ ખાતે કરવામાં આવ્યું છે.

ગાંધીનગર, તા. ૬

શિયાળો એટલે સ્વાસ્થ્યપ્રેમીઓને ખુબ પ્રિય હોય છે. સમગ્ર વર્ષ નિરોગી રહેવાની ચાવી શિયાળામાં મળી રહે છે. શિયાળાનો પ્રારંભ થતાં જ મોર્નિંગ વોકર્સ અને જોગર્સની સંખ્યા વધી રહી છે.

નવરાત્રી બાદથી જ વાતાવરણમાં ધીમે ધીમે પલટો આવવાનો શરૂ થઈ ચુક્યો છે. શિયાળાનું બિલ્લીપગે આગમન થઈ રહ્યુ છે. વહેલી સવારે અને મોડી રાત્રે ઠંડક અનુભવાય છે. લઘુત્તમ તાપમાન ધીમે ધીમે ઘટી રહ્યુ છે. ગઈકાલે લઘુત્તમ તાપમાન ૧૫ ડિગ્રી અને આજે ૧૫.૫ ડિગ્રી નોંધાયું હતું. ગુલાબી ઠંડીના આહ્લાદક વાતાવરણનો લ્હાવો લેનારા મોર્નિંગ વોકર્સ અને જોગર્સની સંખ્યા વધી રહી છે. સ્વાસ્થ્યપ્રેમીઓને માફક આવે તેવુ વાતાવરણ હાલમાં છે.

હજુ તો સુર્યોદય થાય તે સાથે જ સ્વર્ણિમ પાર્ક અને પુનિતવન જેવા બગીચાઓમાં વોકર્સ અને જોગર્સ જોવા મળી જાય છે. છેક આઠ-નવ વાગ્યા સુધી ઘણા સ્વાસ્થ્યપ્રેમીઓ અહીં પ્રાણાયામ, યોગા સહિતની વિવિધ કસરતો કરતાં નજરે પડે છે. સાંજે પણ પુનિત વન અને છ માર્ગ તથા સચિવાલયની પાછળ આવેલા માર્ગો પર ચાલવા નીકળનારાઓ જોવા મળી જાય છે. મોર્નીંગ વોકર્સ ગાંધીનગરના ફુલગુલાબી ઠંડકભર્યા વાતાવરણનો પુરેપુરો લાભ લઈ રહ્યા છે.



**વાતવાતમાં**

● ગાંધીનગરમાં વ્યસન મુક્તિ મહાસંમેલનને પગલે ઘ માર્ગ પરથી જતી બસોને ચ માર્ગ પર ડાયવર્ટ કરવામાં આવી હતી. જેનો પગલે ગાંધીનગરાઓને ભારે પરેશાની વેઠવાનો વારો આવ્યો હતો. જયારે શહેરના તમામ સર્કલ અને એકઝીટ પોઈન્ટ પર પોલીસનો ચુસ્ત બંદોબસ્ત જોવા મળ્યો હતો.

# સિવીલ હોસ્પિટલની સેવાઓ અને ગુણવત્તાની ચકાસણી કરતું કોમન રિવ્યુ મિશન

ગાંધીનગર, તા.૬

આજથી જિલ્લાની આરોગ્ય સેવાઓ અને તેની ગુણવત્તા સહિતની બાબતોની સમીક્ષા તેમજ ચકાસણી માટે આવેલ ભારત સરકારની ટીમે આજે પ્રથમ દિવસે ગાંધીનગર સિવીલ હોસ્પિટલની મુલાકાત લીધી હતી.

સવારે આ મિશન ટીમે જિલ્લા વિકાસ અધિકારી શ્રી દેવાંગ દેસાઈની ઉપસ્થિતિમાં જિલ્લા કક્ષાએ અપાતી સેવાઓ અને સંસ્થાઓની વિગતો સાથેનું પ્રેઝન્ટેશન જિલ્લા ટીમે કર્યુ હતું. આ પછી ગાંધીનગર મેડીકલ કોલેજ સંચાલિત હોસ્પિટલની સેવાઓ અને તેનો વ્યાપ દર્શાવતુ પ્રેઝન્ટેશન પણ સુપ્રિ. ડૉ. બિપીન નાયકે રજુ કર્યું હતું.

બપોર પછી ટીમે ગાંધીનગર સિવીલ હોસ્પિટલમાં વિવિધ વોર્ડ અને તેમાં અપાતી સેવાઓ અંગે ઝીણવટભરી સમીક્ષા હાથ ધરી હતી.

ટીમે સિવીલ હોસ્પિટલમાં પી.પી. યુનિટ, ડાયાલીસીસ સેન્ટર, પિડિયાટ્રીક વોર્ડ, એન.આઈ.સી.યુ., લેબરરૂમ, ઈમરજન્સી સેવા કેન્દ્ર સહિત વિવિધ વોર્ડની મુલાકાત લીધી હતી. એટલું જ નહિ તેમણે ઈમરજન્સી સેવા કેન્દ્રની ટ્રે ની પણ ચકાસણી કરી હતી.

આ ટીમે આર.બી.એલ.કે. અંતર્ગત થતી કામગીરી, શાળા આરોગ્ય ચકાસણી અંતર્ગત થતી કામગીરી પણ ચકાસી હતી. ટીમે આજે ખુબ જ ઝીણવટભરી સમીક્ષા કરી હતી. એટલું જ નહિ દર્દીઓની સાથે પણ કેટલીક પ્રશ્નોત્તરી કરી અપાઈ રહેલી સેવાઓ, અહીં કેવી રીતે પહોંચ્યા, ૧૦૮ની સેવાઓ અંગે પણ પૃચ્છા કરી હતી.

આજે પ્રેઝન્ટેશન દરમિયાન જિલ્લા વિકાસ અધિકારીશ્રી દેસાઈ એ જિલ્લામાં કુપોષણ મુકિત અભિયાનના પાયલોટ પ્રોજેકટનો ઉલ્લેખ કરી જણાવ્યું હતું કે રાજયની તુલનામાં સેમ બાળકો જિલ્લામાં ઓછા મળ્યા છે પણ તંત્ર સંપૂર્ણ કુપોષણ મુકત જિલ્લો બનાવવા કટિબધ્ધ છે.

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં અપાતી સેવાઓની ચકાસણી માટે ટીમ આજે પેથાપુર, પુંદરા અને માણસાની મુલાકાત લે તેવી શકયતાઓ છે.





રાષ્ટ્રીય પ્રતિભા ખોજ સ્પર્ધા (નેશનલ ટેલેન્ટ સર્ચ એકઝામ-એનટીએસઈ) કે જે ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓ માટે યોજાય છે તેના લેવલ-૧ની પરીક્ષાનું આયોજન આજે ગાંધીનગર શહેરમાં કડી સર્વ વિદ્યાલય ખાતે કરવામાં આવ્યું હતું. આજે સમગ્ર ગુજરાતમાં આ પરીક્ષા લેવામાં આવી હતી.

# મધુપ્રમેહ મુકત ભારત અભિયાન અંતર્ગત રાજભવન ખાતે આયુર્વેદ વ્યાસપીઠ દ્વારા સંગોષ્ઠી યોજાઈ





ગાંધીનગર, તા.૬

ગુજરાતના રાજયપાલ શ્રી ઓ.પી.કોહલીએ જણાવ્યું હતું કે મધુપ્રમેહ રોગની ચિકિત્સામાં વિવિધ ચિકિત્સા પદ્ધતિઓનો સર્વગ્રાહી સમન્વય કરવો જોઈએ. આ રોગને નાથવા માટે એલોપથી, હોમિયોપથી, આયુર્વેદ, પંચકર્મ, યોગ, પ્રાકૃતિક ચિકિત્સા તથા પંચગવ્યના વિશેષજ્ઞોના જ્ઞાનનો લાભ લેવો જોઈએ.

રાજયપાલશ્રીએ આજે રાજભવન ખાતે આરોગ્ય ભારતી, એન.એમ.ઓ. અને આયુર્વેદ વ્યાસપીઠના સંયુકત ઉપક્રમે યોજાયેલ સંગોષ્ઠીના સમાપન કાર્યક્રમમાં સંબોધન કરી રહ્યા હતા.

**મધુપ્રમેહ રોગની ચિકિત્સા માટે વિવિધ ચિકિત્સા પદ્ધતિઓનો સમન્વય કરવો જોઈએ : રાજયપાલશ્રી**

મધુમેહ પ્રત્યે લોકોમાં જાગૃતિ આવે તે માટે આરોગ્ય ભારતી એ મધુમેહ મુકત ભારત અભિયાન હાથ ધર્યું છે તે બિરદાવતા રાજયપાલશ્રીએ જણાવ્યું હતું કે સંસ્થાના આ ઉદાત્ત પ્રયાસોમાં નેશનલ મેડિકોઝ ઓર્ગેનાઈઝેશન અને આયુર્વેદ વ્યાસપીઠ જેવી સંસ્થાઓ સહભાગી બની છે. જેનાથી જનજાગૃતિની પ્રવૃત્તિ વધુ વેગવાન બનશે.

તેમણે જણાવ્યું હતું કે મધુપ્રમેહ થવા માટેના કારણોમાં હાલની આપણી જીવનશૈલી પણ જવાબદાર છે. આથી આપણી હાલની જીવનશૈલીમાં બદલાવ લાવવાની તાતી જરૂરિયાત છે.

આ પ્રસંગે રાજયપાલશ્રીના હસ્તે મધુમેહ ચિકિત્સા વિશેષજ્ઞોનું સન્માન કરવામાં આવ્યું હતું.

પ્રારંભમાં ડો. પ્રવિણભાઈ ભાવસાર, ડો. હિતેશભાઈ જાની અને ડો. મનુભાઈ પટેલે પ્રવચનો કર્યા હતા. વૈદ્યશ્રી ફાલ્ગુનભાઈ પટેલે સંગોષ્ઠીની રૂપરેખા આપી સ્વાગત પ્રવચન કર્યું જયારે ડો. અમૃતભાઈ પ્રજાપતિએ આભારદર્શન કર્યું હતું.

# જે મારી પત્નિ ના ખાય, તે હું પણ ખાતો નથી

## લગ્નજીવનના ૫૧માં વર્ષે પત્નિ જેમને ઓળખી સુધ્ધાં નથી શકતી તેવો પતિ દુકાને જતા પહેલા પત્નિના હાથ પગ બાંધીને ઘરમાં પુરી દે છે : આજની પેઢી જેને 'ડિવાઈન લવ' કહી શકે તેવી આ દંપતિની જીવનકહાની 'સંબંધ'નો સાચો અર્થ સમજાવે છે




ગાંધીનગર, તા.૬

'ઈન્દુબેન શું કરો છો? તમારું નામ શું છે?' ગાંધીનગરના સેકટર-૭માં એક ૭૧ વર્ષીય વડીલ પોતાની ૬૭ વર્ષીય પત્નિને થોડી થોડી વારે આ સવાલ કરે છે અને જવાબમાં પત્નિ તુટક તુટક શબ્દોમાં અસ્પષ્ટ રીતે પણ પોતાનું નામ 'ઈન્દુબેન' ઉચ્ચારે છે. આ વડીલ એટલે કે પતિ હિંમતલાલ ચૌહાણને ઉંમરના કારણે વારંવાર આવી પુછપરછ કરવાની આદત પડી હોય તેવું નથી પરંતુ છેલ્લા સાત-આઠ વર્ષથી અલ્ઝાઈમર નામની મગજની બિમારીનો ભોગ બનેલ પત્નિને પોતાના નામ સિવાય બીજું કશું જ યાદ નથી એટલે સવાલનું તરણું ઝાલી પતિ આ અસાધ્ય બિમારીની વૈતરણી પાર કરાવવા આશાભર્યા પ્રયત્નો કરી રહ્યાં છે. એક સમય દિવાળીમાં નવા વર્ષે તેમના મિત્રો જે 'ઈન્દુભાભી'ના હાથની વાનગીઓ ખાવા હોંશે હોંશે આવી પહોંચતા હતા તે ઈન્દુભાભીને પોતાને આજે કોઈ પણ રસોઈનો સ્વાદ સુધ્ધાં ખબર નથી. બસ પતિ થાળીમાં જે આપીને તેના હાથે જયારે અને જેટલું ખવડાવે તેટલું જમી લે છે. પાણી પીવડાવે તો પી લે છે પરંતુ આ બધુ કોણ અને કેમ કરે છે તેનું પણ તેમને ભાન નથી હોતું.

અમેરિકાના પૂર્વ પ્રમુખ રોનાલ્ડ રેગન, ભારતના યશસ્વી વડાપ્રધાન અટલ બિહારી બાજપાઈ અને પૂર્વ સંરક્ષણ મંત્રી જયોર્જ ફર્નાન્ડિઝ જેનો શિકાર બન્યા છે તે બિમારીએ ઈન્દુબેનના મગજમાંથી જાણે તમામ ડેટા 'ડિલીટ' કરી દીધો છે. જો કે લગ્નના ૫૧મા વર્ષે પણ પતિ પત્નિના પ્રેમનું 'સોફટવેર' એટલું બધું પાવરફુલ છે કે આજે તેમના પતિ દરરોજ પહેલા પત્નિને જમાડે છે અને પછી જ પોતે જમે છે. એટલું જ નહી પરંતુ કયાંય પ્રસંગોપાત કોઈ સમારંભમાં ગયા હોય તો 'જે મારી પત્નિ નથી ખાતી તે હું પણ નથી ખાતો' તેવો પ્રેમાળ હૃદયથી લીધેલ નિશ્ચય પાળે છે. એક સમયે જેને મિઠાઈ અને આઈસ્ક્રીમ ખૂબ ભાવતા હતા તે પત્નિની રસોઈના વખાણ કરતા તેમના મિત્રો થાકતા નહોતા અને વારંવાર કોઈના કોઈ બહાને તેમના ઘરે નાસ્તો કરવા આવી પહોંચતા હતા તે પત્નિ માટે આજે તેઓ સવારે ૬.૩૦ વાગે નિયમિત ઉઠી જઈ ચા-દૂધ બનાવે છે અને સાથે પીવે પછી બે કેળા અચૂક ખવડાવે છે. નાસ્તો પત્યા બાદ પત્નિને નવડાવી-ધોવડાવી તૈયાર કરી દીવા બત્તી કરવી પછી કાળજાને કાઠું કરી પત્નિને પલંગમાં સુવડાવી હાથ પગ દોરીથી બાંધી દે અને પછી જ પોતાની ઝેરોક્ષની દુકાને જવા રવાના થાય. જો પત્નિને બાંધીને ના રાખે તો તે બિમારીની અસરમાં ઘરની બહાર નીકળીને કયાંય કયાંય ચાલી જાય. પહેલા શરૂઆતમાં જયારે તેઓ માત્ર ઝાંપાને તાળુ મારતા ત્યારે પત્નિ ઘરના કોટની દીવાલ કુદીને પણ દુર સુધી નીકળી ગયાના કિસ્સાએ તેમને હવે આ પરિસ્થિતિ માટે મજબૂર કર્યા છે.

પોતાની યુવાનીમાં દેખાવે અત્યંત સુંદર, સુશીલ અને જેણે પોતાના ઘરમાં પાણીનો ગ્લાસ પણ જાતે ના ભર્યો હોય તેવા ધનાઢય કુટુંબની દિકરી ઈન્દુબેને પરણીને સાસરિયાથી માંડીને પોતાના ત્રણ સંતાનો અને તેમના પરિવારને પણ ઉછેરવામાં પાછુ વાળીને જોયુ નથી. આમ છતાં પણ લગ્ન પછી તેમણે સાસુની પ્રેરણાથી કોલેજ કરી મોન્ટેસરીની તાલીમ મેળવી હતી અને એ તાલીમના આધારે શિક્ષક તરીકેની નોકરી મળતી હોવા છતાં સંતાનોના ભણતર માટે નોકરી કરી નહી. ભજનો અને ગરબાના તથા ફિલ્મોના ખૂબ જ શોખીન એવા ઈન્દુબેન રસોઈ કરતા કરતા પણ સતત ભજનો ગણકારતા રહેતા. એ જયારે સેકટર-૧૭માં રહેતા ત્યારે તે જમાનામાં પોતાની અન્ય બે બહેનપણીઓ સાથે મળીને ત્રણે એકસરખી ચણિયાચોળી પહેરી રાત્રિના ૧૧થી સવારના ૫ વાગ્યા સુધી વણથંભે ગરબે ઘુમતા હતા. લગ્નના ત્રીજા જ દિવસે પતિ સાથે 'વકત' ફિલ્મ જોતા એમને કયારેય અહેસાસ સુધ્ધાં નહીં થયો હોય કે એક 'વકત' એવો પણ આવશે કે જયારે તેમને કાયા તો હશે પરંતુ તેમણે જીવેલી તમામ ક્ષણો ઓગળી ગઈ હશે. સપ્તાહમાં ત્રણથી ચાર ફિલમો જોઈ નાંખતા ઈન્દુબેનની



બનાવેલી સુખડી બધાને એટલી ભાવતી કે હનુમાનજીના મંદિરે પ્રસાદની સુખડી તેઓ જ બનાવતા. અરે ૧૯૮૩માં જયારે ભારત ક્રિકેટનો વિશ્વ કપ જીત્યું ત્યારે રાત્રે ૨ વાગે મિત્રોએ એમની 'સુખડી' ખાઈને જ તો પાર્ટી કરી હતી. તેઓ પોતે હંમેશા 'અપ-ટુ-ડેટ' થઈને રહેતા તેટલું જ નહી પરંતુ પોતાની વહુઓને પણ તે રીતે જ રહેવા સતત પ્રેરિત કરતા. એટલે જ તો અમિતાભ, રેખા, સુનિલદત્ત, નરગીસ, રાજેન્દ્રકુમાર, આશા પારેખ જેવા અનેક ફિલ્મી કલાકારોને રૂબરૂ મળી ચુકેલા ઈન્દુબેને ગુજરાતી ફિલ્મ 'મહિયરની ચુંદડી'માં રીટા ભાદુરીના લગ્નના દ્રશ્યમાં તમની સાથે કામ કર્યું છે. જેમની તિજોરી સાડીઓથી છલોછલ ભરેલી રહેતી તે ઈન્દુબેનને અત્યારે પોતે શું પહેર્યું છે કોણે પહેરાવ્યું છે તેની પણ ખબર હોતી નથી.



ઈન્દુબેનને આ બિમારીની શરૂઆત નાની નાની વાતો ભુલવાથી થઈ અને દરેક વ્યકિત આ તકલીફને સામાન્ય જ માને તે રીતે અવગણાયેલી આ તકલીફ જયારે વધી પડી ત્યારે તે કાબુની બહાર પહોંચી ગઈ હતી. સતત મનમાં ઘુંટાતી રહેતી વ્યકિત જે ખુલા મને પોતાની વાત ના કહી શકે તેમને આ બિમારી થવાની શકયતા ખૂબ વધુ હોય છે. હાલ તો તેઓ એ પરિસ્થિતિએ પહોંચી ગયા છે કે જયાં તેમને ભૂખ-તરસ-ઝાડો-પેશાબ કશાંની પણ ગતાગમ હોતી નથી પરંતુ આજે પણ તેમના પતિ હિંમતલાલનો પ્રેમ સતત પળેપળની હૂંફ તેમના ચહેરાને ખિલતો રાખી રહી છે. જે પતિને તેઓ ઓળખી સુધ્ધાં નથી શકતા તે પતિ સવારથી રાત સુધી ચોવીસ કલાક તેમની દરેક બાબતની સાર સંભાળ લે છે. તે પણ સતત હસતા હસતા અને મસ્તી મજાક કરાવતા કરાવતા, તેમના બગડેલા કપડાં ધોવા, એંઠા વાસણ ઘસવા વગેરે તમામ કાર્યો હર્યો ભર્યો કિલ્લોલ કરતો સંસાર હોવા છતાં પતિ જાતે જ કરવાનો આગ્રહ રાખે છે. સરકારી નોકરી સાથે પહેલા દરજીની દુકાન અને હવે માત્ર ઝેરોક્ષ સેન્ટર ચલાવતા હોવા છતાં પોતાની ૫૦ વર્ષથી જીવનસંગીની બનલી પત્નિ જે તેમને પણ ઓળખી નથી શકતી છતાં તેમણે હજુ પણ પોતાની નજરમાં પોતાના પ્રેમને 'ઝાંખપ' આવવા દીધી નથી એ આજની નવી પેઢી માટે તો જાણે 'ડિવાઈન લવ સ્ટોરી' જ લાગે.

પ્રતિભાવો આવકાર્ય : samirtalod@yahoo.com

# ઘણા વેપારીઓ આજે સાતમનું મુહૂર્ત કરશે

ગાંધીનગર, તા.૬

દિવાળીના તહેવારો બાદ છેલ્લા એક અઠવાડિયાથી બંધ રહેલા ધંધા રોજગાર શનિવાર સવારે પાંચમના મુહૂર્ત બાદથી ધમધમતા થયા છે. જો કે ઘણા વેપારીઓ સાતમે મુહૂર્ત કરતા હોવાથી આવતીકાલે સોમવારે શુભ મુહૂર્તમાં પોતાના ધંધા રોજગારનો પ્રારંભ કરશે.

ગાંધીનગરના બજારો છેલ્લા એક અઠવાડિયાથી સુના હતા. દિવાળીની રજાઓ બાદ દુકાનો, શોરૂમ્સ અને કન્સ્ટ્રકશન સાઈટસ પર સોંપો પડી ગયો હતો. લગભગ એકાદ અઠવાડિયાથી રજા બાદ શનિવારે પાંચમના મુહૂર્ત બાદ ઘણા ખરા ધંધા રોજગારનો પ્રારંભ થઈ ચુકયો છે. જો કે હજુ કેટલાક વેપારીઓ એવા છે જેમણે પોતાના ધંધો રોજગાર શરૂ કર્યા નથી. તેઓ આવતીકાલે સોમવારે સાતમનું મુહૂર્ત કરશે. દિવાળીની રજાઓમાં ફરવા ગયેલા ઘણા વેપારીઓ શનિવારે અને રવિવારે પરત ફર્યા છે તો દિવાળી કરવા માદરે વતન ગયેલા શ્રમિકો પણ છેક હવે પાછા આવી રહ્યા છે. આથી સોમવારથી જ ધંધા રોજગાર સંપૂર્ણપણે ધમધમતા થશે.

સરકારી કચેરીઓમાં પણ સોમવારથી જ કર્મચારીઓની સંપૂર્ણ હાજરી જોવા મળશે. ફરવા ગયેલા અને દિવાળી કરવા વતન ગયેલા ઘણા કર્મચારીઓ રવિવારે પાછા ફરવાના હોવાથી કચેરીઓ સોમવારથી ભરી ભરી લાગશે.

# દિવાળીની રજાઓમાં શહેરના માર્ગો ટ્રાફિકથી ધમધમ્યા

## અક્ષરધામ, ઈન્દ્રોડા પાર્ક અને સેકટર-૨૮ના બગીચા જેવા હરવા ફરવાના સ્થળોએ વાહનોની ભારે ભીડ જોવા મળી

ગાંધીનગર, તા.૬

નવા વર્ષની ઉજવણીનો ઉત્સાહ આ વર્ષે સારો એવો જોવા મળ્યો. આસપાસના વિસ્તારોમાંથી ગાંધીનગર ફરવા આવનારાઓની સંખ્યા સવિશેષ રહેતા શહેરના મુખ્યમાર્ગો ટ્રાફિકથી સતત ધમધમ્યા હતા.

દિવાળીથી પાંચમ સુધીના દિવસોમાં અક્ષરધામ મંદિરે કરવામાં આવતી દિપમાલાને નીહાળવા માટે મુલાકાતીઓનો ધસારો ખુબ રહે છે. ગાંધીનગર ઉપરાંત આસપાસના વિસ્તારોમાંથી ખુબ મોટી સંખ્યામાં મુલાકાતીઓ અક્ષરધામ જોવા આવે છે. આથી અહીં દિવાળીની રજાઓમાં સારી એવી ભીડ જોવા મળે છે. આ ઉપરાંત ઈન્દ્રોડા પાર્ક અને સે-૨૮ના બગીચાનું આકર્ષણ પણ જળવાયેલું હોવાથી અહીં સારી એવી ભીડ જોવા મળે છે. રજાઓના સમયગાળામાં પ્રવાસીઓની સતત અવરજવર રહેતા શહેરના માર્ગો વાહનોની અવરજવરથી સતત ધમધમ્યા હતા. શહેરના ઘ અને ચ માર્ગ પર તો કેટલાક સ્થળોએ જાણે ટ્રાફિક જામ સર્જાયો હોય તેવા દૃશ્યો જોવા મળ્યા હતા.

ઘ-૫ વિસ્તારમાં આવેલી ફુડ કોર્ટમાં પણ સારી એવી ભીડ જોવા મળી હતી. શહેરમાં ફરવા આવેલાઓ જમીને પાછા જતા હોવાથી ફુડકોર્ટમાં પણ મોડી રાત સુધી અવરજવર જોવા મળી હતી.